જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૨/૨૦૧૯ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૩૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૪૯ લીટર દેશી દારૂ, ૧૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૬૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૩૩/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૩૩૪/૧૯

**નવરંગપુરાઃ** બંકીમભાઇ જયંતીલાલ શાહ (ઉ.વ.૪૪) (રહે.જીવન સ્મૃતી સોસાયટી કિર્ડસ વર્લ્ડ સામે મીરામ્બીકા ચાર રસ્તા પાસે નારણપુરા) એ તા.૨૦/૦૨/૧૯ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા, કોમર્સ છ રસ્તા પાસે ઈશ્વરભુવન ચાર રસ્તા પાસે મોનાર્ક હાઉસમાં આવેલ બંકીમભાઇની ઓફીસ ખાતેથી આરોપી (૧) ગૌરવ હરગોવનદાસ દવે (૨) હિતેશા વિશાલભાઇ દવે (૩) વિશાલ ગૌરવભાઇ દવે (૪) દર્શન ગૌરવભાઇ દવે (૫) અમી ગૌરવભાઇ દવે (તમામ રહે, પાશ્ર્વ પદ્માવતી ફલેટ મુથુટ ફાઇનાન્સની સામે વાસણા બસ સ્ટેન્ડ જીવરાજ મહેતા હોસ્પીટલ રોડ વાસણા) એ ભેગા મળી બંકીમભાઇને વિશ્વાસમાં લઇ 'વોટર કલીન્ઝ સોલ્યુશન LLP' નામની કંપનીમાં ભાગીદાર બનાવી, તેમાં ફંડ જમા કરાવવા માટે કહેતા, બંકીમભાઇએ રૂપિયા ૨,૯૪,૭૫,૭૫૦/- તથા વ્યક્તિગત રીતે રૂપિયા ૭૯,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૩,૭૫,૭૫૦/- ફંડ જમા કરાવેલ. ત્યારબાદ કંપની પ્રોજેક્ટ અને તેમાં વપરાતા ફંડ અને પ્રોજેક્ટમાંથી મળતા નફાની તમામ હકીકતો છુપાવી આપેલ ફંડનો દુરૂપયોગ કરી તેઓના અંગત ખાતાઓમાં ટ્રાન્સફર કરી બંકીમભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૩૩૫/૧૯**

**સોલા હાઇકોર્ટ**ઃ રાજુભાઇ ભગવાનભાઇ પુરબિયા (રહે.લક્ષ્મણગઢનો ટેકરો કાચા છાપરામાં ગુપચુપ હનુમાન મંદિર પાછળ ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૧૯ કલાક ૧૨/૦૦ થી ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૦,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**વેજલપુર**ઃ જાવેદ અફઝલહુસેન શેખ (રહે.ફસ્ટ ફલોર ઇંડીયન ફલેટ અલીયાશર પાર્ક ટોરેંટ પાવર પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૧૯ બપોરના ૨/૩૦ થી ૩/૨૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની પાસે આવેલ બારીનો કાચ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૫૦,૦૦૦/-અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.રોહીત ચલાવે છે.

**અમરાઈવાડી**ઃ વિરેન્દ્ર સોનપાલ રાજ્પુત (રહે.બીહારીલાલ ચાલી પંડીતજીની ચાલીની બાજુમા રામનગર ભીલવાડા અમરાઇવાડી) એ તા.૨૦/૨/૧૯ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૧૯ કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૨/૧૯ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, પતરાની પેટીમાંથી સોનાની વીટી કિમત રૂપિયા ૧૫,૦૦૦/-,ચાંદીની પાયલ કિમત રૂપિયા ૬,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.સોલંકી ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૩૩૬/૧૯**

**સોલા હાઇકોર્ટ**ઃ ભારતીબહેન વિનુભાઇ ટાંક (રહે. શ્રીરામ કોલોની ડભોલી રોડ ગાયત્રી મંદિર પાસે સુરત) તા.૨૦/૦૨/૧૯ બપોરના ૨/૧૫ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદલોડીયા તળાવ પાસે અમુલ પાર્લર સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) બે પુરૂષ ભારતીબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભારતીબહેન ટાંક એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.વસાવા ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ**ઃ રંજનબહેન ભરતસિંહ ઝાલા (રહે.સોલા ગામ ટેકરાવાળો વાસ સોલા) તા.૨૦/૦૨/૧૯ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સાગર સંગીત કોમ્પ્લેક્ષથી મંગલદિપ પાર્ટી પ્લોટ તરફ જતા રસ્તા ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) બે પુરૂષ રંજનબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૮,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રંજનબહેન ઝાલાએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** જયંતિલાલ અમરતભાઇ બલ્લુ (ઉ.વ.૭૦) (રહે. તેજ કોમ્પલેક્ષ મિઠાખળી છ રસ્તા મેડીસીન હોસ્પીટલની બાજુમા નવરંગપુરા) તા.૧૯/૦૨/૧૯ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે માદલપુર ગરનાળાથી કલગી ચાર રસ્તા તરફ એક્ટીવા ચલાવી પત્ની લલીતાબેનને સાથે પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) એક પુરૂષ લલીતાબહેનના ગળામાંથી સોનાની બે ચેઇન કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયંતિલાલ બલ્લુએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.જેબલીયા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૩૭/૧૯**

**સાબરમતીઃ** કમલભાઇ નટવરલાલ પટેલ (ઉ.વ.૫૫) (રહે. અદાની પુષ્પ ફ્લેટ ત્રાગડ) તા.૨૦/૨/૧૯ સાજના ૫/૧૫ વાગ્યાના સુમારે ત્રાગડ ફાટક પાસે કી.મી થાંભલા નંબર ૭૭૩/૧ થી ૭૭૩/૩ વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૩૮/૧૯**

**નરોડાઃ** ખુમાનસિંહ ભુપતસિંહ પરમાર (ઉ.વ.૨૩) (રહે. નરોડા ગામ દરબારવાસ જૈન દેરાસર સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૨/૧૯ કલાક ૧૦/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેશભાઇ નારાયણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.